# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-07-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હીના મોદી** વાંચે છે.

---

1) ગુજરાત ATSએ આતંકવાદી સંગઠન અલ-કાયદા સાથે જોડાયેલા ચાર વ્યક્તિની ધરપકડ કરી.
2) રાજ્યમાં ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થ વેચનારા લોકો સામે કડક કાર્યવાહી કરાશે – દંડની જોગવાઈઓમાં સુધારા માટે સરકારે વાંધા-સૂચન મગાવ્યા.
3) કેન્દ્રીય સહકાર મંત્રીએ કહ્યું, સંસદના અધિનિયમ દ્વારા આણંદમાં 600 બેઠક અને 4 અભ્યાસક્રમ સાથે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના થઈ.
4) દક્ષિણ ગુજરાતમાં આવતીકાલે ભારે વરસાદની આગાહી
5) જર્મનીમાં ચાલી રહેલી વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સની એથ્લેટિક્સ રમતમાં ગુજરાતના ખેલાડી રૂચિત મોરી સેમિ-ફાઈનલમાં પહોંચ્યા

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJARAT ATS

ગુજરાત આતંકવાદ વિરોધી દળ – ATS-એ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન અલ-કાયદા સાથે જોડાયેલા ચાર લોકોની ધરપકડ કરી છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે , A.T.S.એ અમદાવાદથી મહોમ્મદ ફરદીન , અરવલ્લીના મોડાસાથી સેફુલ્લા કુરેશી, દિલ્હીથી મોહમ્મદ ફૈક અને નોયડાથી ઝિશાન અલીની ધરપકડ કરી છે.

ATSના અધિકારીઓએ જણાવ્યું , અલ-કાયદાના આતંકી મૉડેલ સાથે આ ચારેય લોકો જોડાયેલા હતા. તેઓ સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ અને કેટલીક શંકાસ્પદ ઍપ્લિકેશન દ્વારા અલ-કાયદાની વિચારધારા સાથે જોડાઈ તેને ફેલાવવા સુધીની કામગીરીમાં સક્રિય હોવાનું પણ જણાયું છે. હાલ ચારેયની પૂછપરછ ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ 2023માં, અમદાવાદનાં વિવિધ ભાગોમાંથી એક જ આતંકવાદી સંગઠન સાથે સંબંધો હોવા બદલ ચાર બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી.

. . . . .

# FOOD SAFETY ACT SUDHARO

રાજ્ય સરકાર ભેળસેળવાળો ખાદ્ય પદાર્થ વેચતા લોકો સામે કડક કાર્યવાહી કરશે. આ માટે સરાકર ખાદ્ય સલામતી અને માનક અધિનિયમ 2006ની દંડની જોગવાઈમાં સુધારો કરવા જઈ રહી છે. ખાદ્ય પદાર્થમાં સામાન્ય ભેળસેળથી હાનિકારક અને માનવ મૃત્યુ સુધીના કિસ્સાની દંડનીય જોગવાઈમાં સુધારો કરવા સરકાર તૈયાર હોવાનું આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું.

(BYTE: RUSHIKESH PATEL, HEALTH MINISTER)

સરકારે ખાદ્ય સલામતી અને માનક અધિનિયમ 2006 હેઠળ દંડની જોગવાઈઓમાં સુધારા કરવા નાગરિકો પાસેથી વાંધા-સૂચનો મગાવ્યા છે. નાગરિકોને 30 દિવસમાં પોતાના વાંધા-સૂચન ઑનલાઈન મોકલવા અનુરોધ કરાયો હોવાનું ગાંધીનગરના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનરની યાદીમાં જણાવાયું છે.

. . . . .

# GNR CABINET MEETING

ગાંધીનગરમાં આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રીમંડળની યોજાયેલી બેઠકમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી. દરમિયાન વડોદરાના ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ બ્રિજના સરવે બાદની સ્થિતિ , ખરાબ માર્ગ અંગે મુખ્યમંત્રીએ આપેલી સૂચના બાદ હાથ ધરાયેલા કાર્યો, રાજ્યમાં વરસાદ અને જળાશયોની સ્થિતિ , ખરીફ પાક અને ખાતરની અછત તેમજ રાજ્યભરમાં આગામી આયોજનો અને નીતિગત વિષય અંગે સમીક્ષા પણ થઈ.

. . . . . .

# TRIBHUVAN SAHKARI UNIVERSITY

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું છે કે , સંસદના અધિનિયમ દ્વારા આણંદમાં 600 બેઠકો અને ચાર અભ્યાસક્રમો સાથે ત્રિભુવન" સહકારી યુનિવર્સિટીની સ્થાપના થઈ છે. તેના ચારમાંથી ત્રણ અભ્યાસક્રમ યુનિવર્સિટીની સ્થાપના બાદ શરૂ કરાયા છે.

રાજ્યસભામાં એક લેખિત પ્રશ્નના જવાબમાં શ્રી શાહે જણાવ્યું કે , સ્થાપનાના ચાર વર્ષની અંદર યુનિવર્સિટી અને તેની સંલગ્ન સંસ્થાઓમાં સ્નાતક , અનુસ્નાતક અભ્યાસક્રમો માટે વાર્ષિક બેઠક ક્ષમતા 9 હજાર 600 ડિપ્લોમા માટે 16 હજાર , પીએચડી માટે 60, જ્યારે પ્રમાણપત્ર કાર્યક્રમો માટે 8 લાખ થશે.

આ ઉપરાંત, યુનિવર્સિટી પોતાની શાળાઓ અને સંલગ્ન સંસ્થાઓ દ્વારા સમગ્ર દેશમાં વિસ્તરણ કરશે . સરકારે વધારાની માળખાકીય સુવિધાઓ બનાવવા યુનિવર્સિટીને કોર્પસ ફંડના રૂપમાં 500 કરોડ રૂપિયાની એક વખતની મૂડી સહાય આપી હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

. . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

............

# AMBAJI TEMPLE PRASAD

ભારતીય અન્ન સલામતી અને ધારાધોરણ સત્તામંડળ – F.S.S.A.I. દ્વારા અંબાજી મંદિરના પ્રસાદને "ઈટ રાઈટ" પ્રમાણપત્રનું સન્માન મળ્યું છે. અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન અંદાજે એક કરોડ 25 લાખ જેટલા મોહનથાળ પ્રસાદના પેકેટનું વેચાણ કરવામાં આવે છે. ટ્રસ્ટ દ્વારા પ્રસાદની ગુણવત્તા અને સ્વચ્છતાને ધ્યાને રાખતા F.S.S.A.I. દ્વારા તમામ માપદંડને આધારે અંબાજી મંદિરને "ઈટ રાઈટ પ્રસાદ" પ્રમાણપત્ર એનાયત કરાયું છે.

ઉલ્લેખનીય છે કે, ધાર્મિક સ્થળોએ જેમણે પ્રસાદ તૈયાર કરવો અને વિતરણ કરતી વખતે અન્ન સલામતી , સ્વચ્છતા અને ગુણવત્તાના કડક માપદંડ અનુસર્યા હોય તેમને જ "ઈટ રાઈટ પ્રસાદ" પ્રમાણપત્ર અપાય છે.

. . . .

# NATIONAL BROADCASTING DAY

આજે રાષ્ટ્રીય પ્રસારણ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. વર્ષ 1927માં આજના દિવસે દેશમાં ઇન્ડિયન બ્રોડકાસ્ટિંગ કંપની હેઠળ બોમ્બે સ્ટેશનથી સૌપ્રથમ રેડિયો પ્રસારણ થયું હતું.

8 જૂન, 1936ના રોજ ઇન્ડિયન સ્ટેટ બ્રોડકાસ્ટિંગ સર્વિસનું નામ બદલીને ઓલ ઇન્ડિયા રેડિયો અને બાદમાં તેનું નામ આકાશવાણી રખાયું. વર્ષોથી, આકાશવાણીએ વિવિધ પ્રેક્ષકો સુધી વિશાળ પહોંચ સાથે પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું છે.

આજના દિવસે પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત સહેગલે શ્રોતાઓને એક સંદેશ પાઠવ્યો છે.

**(બાઈટ – નવનીત સહેગલ)**

. . . . . . . . . . . . . . . . .

# WEATHER FORECAST

હવામાન વિભાગે રાજ્યમાં આગામી સાત દિવસ વરસાદી માહોલ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. ત્યારે આવતીકાલે છોટાઉદેપુર , નર્મદા, તાપી, ડાંગ, નવસારી, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ થઈ શકે છે. બીજી તરફ માછીમારોને આગામી 27 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)

દરમિયાન રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 55 ટકા જેટલો વરસાદ નોંધાયો છે. સૌથી વધુ 64 ટકા જેટલો વરસાદ કચ્છ વિસ્તાર અને સૌથી ઓછો સવા 51 ટકા જેટલો વરસાદ પૂર્વ-મધ્ય ગુજરાતમાં થયો છે.

. . . . . . . . .

# ROAD REPAIR

ડાંગ પ્રભારી સચિવ જયપ્રકાશ શિવહરેએ આહવાના દેવીનામાળ રોડ પર આવેલા પુલની સ્થળ તપાસણી કરી હતી. ભારે વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત રોડમાં પેચવર્ક અને વન વિસ્તારમાં પથ્થરો ઘસી પડવાના કે ઝાડ પડવાના બનાવો ને ધ્યાનમાં લેતા રસ્તાઓને સુરક્ષિત અને સગવડયુકત બનાવવા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે.

મોરબી જિલ્લામાં માર્ગ-મકાન વિભાગ તેમજ પંચાયત વિભાગ દ્વારા નેશનલ હાઈવે ૨૭ કે જે વાંકાનેરથી માળીયા રોડ છે ત્યાં અને બામણબોર - ગારામોર - સામખીયાળી ના નેશનલ હાઇવે ઉપર વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થાઓ , રોડ ઉપરના ફર્નિચરની સફાઈ , રોડ રીપેરીંગ સહિતની કામગીરી કરવામાં આવી હતી.

. . . . .

# UNIVERSITY GAMES

જર્મનીમાં ચાલી રહેલી વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ 2025ની એથ્લેટિક્સ રમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ગુજરાતના ખેલાડી રૂચિત મોરી સેમિ-ફાઈનલમાં પહોંચ્યા છે. રમતગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ તેમ  ને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.

તેમણે સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું  ,  રાજ્યના ખેલાડીઓની ઉજ્જવળ કારકિર્દી માટે સમર્પિત સ્વર્ણિમ્ ગુજરાત રમતગમત વિશ્વ-વિદ્યાલય- ડેસરના ખેલાડી રૂચિત મોરીએ સેમિ-ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. તેમની આ સિદ્ધિ બદલ તેમને સમગ્ર રાજ્ય વતી શુભકામનાઓ.

. . . . . .

# DANG BOLI

ડાંગમાં સ્થાનિક આદિવાસી ભાષાને પ્રોત્સાહન આપવા અને બચાવવા અનેક પ્રયાસ હાથ ધરાઈ રહ્યા છે. જિલ્લાની ડાંગી ભાષા પોતાની સંસ્કૃતિ અને પરંપરા માટે પ્રખ્યાત છે. તેને બોલવાની શૈલી પણ અનોખી છે. હાલમાં જિલ્લાના 95 ટકા જેટલા સ્થાનિક સામાન્ય વ્યવહારમાં પોતાની બોલીનો   જ ઉપયોગ કરે છે. તેઓ દરેક પ્રસંગમાં ગવાતા ગીત , ડાંગી કથા, ભગવાનની પૂજા-મંત્રોચ્ચાર, લગ્નવિધિ પોતાના વર્ષોથી ચાલતી આવતી પરંપરાગત બોલીમાં કરતા હોય છે. ડાંગની મૌખિક પરંપરાઓ અંગે સહાયક અધ્યાપક દિલિપ ગાવિતે વધુ માહિતી આપી.

(BYTE: DILIP GAVIT, ASSISTANT PROFESSOR)

. . .

# AMC NIMNUK PATRA

અમદાવાદ મહાનગરપાલિકાના વિવિધ વિભાગમાં પસંદગી પામેલા ઉમેદવારોને આજે નિમણૂકપત્ર એનાયત કરાયા. ટાગોર સભાગૃહ ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન અમદાવાદનાં મેયર પ્રતિભા જૈને કહ્યું , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના યુવાશક્તિને સશક્ત અને પ્રગતિશીલ બનાવવાના અભિયાનના ભાગરૂપે મહાનગરપાલિકા દ્વારા આ રોજગારી આપવામાં આવી છે.

. . . . . . . .

# VALSAD VANDE BHARAT

વલસાડના રેલવેમથક પર આગામી 27 જુલાઈથી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પણ રોકાશે. વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલે નવી દિલ્હીમાં કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે મુલાકાત દરમિયાન આ નિર્ણય બદલ આભાર વ્યક્ત કર્યો. તેમણે શ્રી વૈષ્ણવ સાથે વલસાડના વિવિધ રેલવે મથકો ખાતે ટ્રેનના રોકાણ અને માળખાકીય સુવિધાઓ અંગે ચર્ચા કરી હતી.

. . . . . .

# CYBER FROUD AWARE

ઓનલાઈન છેતરપીંડીથી બચવા રાજ્યના વાહનચાલકોને પોતાના વાહનનું ચલણ પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી- R.T.O.ના અધિકૃત ઑનલાઈન પૉર્ટલ પરથી જ ભરવા અનુરોધ કરાયો છે. વાહનચાલકોને વાહન વ્યવહાર કચેરીની અધિકૃત વેબ-સાઈટના "ઈ—ચલાણ" પૉર્ટલ પર જઈને જ ચલાણ ભરવા સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

યાદીમાં જણાવ્યા મુજબ, RTO દ્વારા અપાતા વાહનના ચલણની ઑનલાઈન ભરપાઈ માટે રાજ્યના વાહન વ્યવહાર વિભાગ દ્વારા કોઈ પણ સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ મારફતે કોઈ લિન્ક મોકલવામાં નથી આવતી. કોઈ સોશિયલ મીડિયા માધ્યમ, થર્ડ પાર્ટી ઍપ્લિકેશન અથવા અન-અધિકૃત સંદેશ મારફતે ચલણ ભરવાની લિન્ક આવે તો તેની પર ક્લિક ન કરવાની સૂચના આપવામાં આવી છે.

. . . . .